પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૩૦ | ૨૦ જુલાઈ, ૨૦૧૭, ગુરૂવાર ; અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

માયાવતીને રાજીનામુ પાછુ ખેંચવા અપીલ

બસપાના સુપ્રિમો માયાવતીને રાજયસભામાંથી આપેલ રાજીનામું પાછું ખેંચવા ઉપસભાપતિ કુરિયને અપીલ કરી છે. ગૃહ ઈચ્છે કે માયાવતીની ગૃહમાં આવશ્યકતા છે.

નર્મદા યાત્રામાં ૩૩ કરોડનો ખર્ચ

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહના નેતૃત્વમાં યોજાયેલી નર્મદા યાત્રામાં ૩૩ કરોડનો ખર્ચ કરાયો છે. વિરોધ પક્ષોનો આક્ષેપ છે કે મોટા ભાગનો ખર્ચ પ્રચાર-પ્રસાર માટે કરાયો હતો.

કાર્તી ચિદમ્બરમને બીજી નોટીસ

પુર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમના પુત્ર કાર્તીચિદમ્બરમને સીબીઆઈએ બીજી નોટીસ પાઠવી છે. ૨૧મી જુલાઈએ તેને હાઈકોર્ટમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

શાહરૂખખાન ગુજરાત હાઈકોર્ટમાં રીટ કરશે



રઈસ ફીલ્મના પ્રમોશન મામલે વડોદરા રેલવે સ્ટેશન પર સર્જાયેલી દુર્ઘટના મામલે ફિલ્મ અભિનેતા શાહરૂખખાન હાઈકોર્ટમાં રીટ કરશે.

સરહદ પાસે ચીને જંગી હથિયારો ગોઠવ્યા

ડોકલામ વિવાદ વચ્ચે ભારતને ચારેબાજુથી ઘેરવાની ખતરનાક ચાલ : રાજદ્વારી સ્તર પર દબાણ બાદ હવે અન્યત્ર રીતે પણ દબાણ : હજારો ટન લશ્કરી ચીજવસ્તુઓ જમા કરવામાં આવી ચુકી : ભારત પણ સાવધાન

નવી દિલ્હી,તા. ૧૯

ડોકલામ વિવાદ વચ્ચે ભારતીય સરહદની નજીક ચીન દ્વારા મોટાપાયે હથિયારો જમા કરવામાં આવી રહ્યા છે જે નવી ચિંતા ઉપજાવે છે. ડોકલામમાં ભારત અને ચીનના જવાનો છેલ્લા ઘણા સમયથી આમને સામને આવેલા છે ત્યારે ચીન દ્વારા હથિયારો જમા કરવામાં આવી રહ્યા છે. માત્ર રાજદ્વારી મોરચા ઉપર જ નહીં બલ્કે યુદ્ધની તૈયારીને ધ્યાનમાં લઈને પણ ચીન આ ક્ષેત્રમાં પોતાને મજબૂત બનાવવામાં વ્યસ્ત છે. ચીન છેલ્લા એક મહિનાથી સિક્કિમ સરહદની નજીક તિબેટમાં હથિયારો અને લશ્કરી ચીજવસ્તુઓનો જથ્થો જમા કરી રહ્યું છે.ચીની મિડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છેકે, ચીને ભારત સાથે જોડાયેલા તિબેટમાં હજારો ટન લશ્કરી ચીજવસ્તુઓનો જથ્થો જમા કર્યો છે. આ કામગીરી જૂનના છેલ્લા સપ્તાહથી શરૂ કરવામાં આવી હતી. ભારતની સાથે જોડાયેલા સરહદી વિવાદના મામલાને લઈને વેસ્ટર્ન થિયેટર કમાન્ડો રેલવે અને માર્ગનો ઉપયોગ કરીને આ તમામ ચીજો તિબેટમાં એકત્રિત કરી છે. છેલ્લા ઘણા સમયથી ચીન પોતાના સરહદી વિસ્તારોમાં માર્ગ અને રેલ સંપર્કને વધુ મજબૂત કરવામાં લાગેલું છે.

● અનુસંધાન પાન-૭ પર

કાશ્મીરમાં પથ્થરમારાના બનાવોમાં નોંધપાત્ર ઘટાડો

લોકસભામાં આંકડાઓ રજૂ કરવામાં આવ્યા : ૨૦૧૬માં ૧૫ નાગરિકો અને ૮૨ સુરક્ષા જવાન સહિત ૨૪૭ના મોત : ૨૦૧૭માં પથ્થરમારાના ૬૬૪ બનાવો

નવીદિલ્હી, તા. ૧૯

લોકસભામાં આજે ગૃહ મંત્રાલય દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે, જમ્મુ કાશ્મીરમાં પથ્થરમારાના બનાવોમાં ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૭માં પથ્થરમારાના બનાવો ૬૬૪ બન્યા છે જ્યારે ૨૦૧૬માં આ સંખ્યા ૨૮૦૮ હતી. ગૃહ રાજ્યમંત્રી હંસરાજ આહિરે મોનસુન સત્ર દરમિયાન માહિતી આપી હતી કે, પથ્થરમારાના બનાવોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. એક અહેવાલ રજૂ કરતા તેઓએ શ્રેણીબદ્ધ પ્રશ્નોના જવાબ આપ્યા હતા. કોંગ્રેસના જ્યોતિરાદિત્ય સિંધિયા અને વાયએસઆર કોંગ્રેસના રાજામોહન દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં હંસરાજ આહિરે કહ્યું હતું કે, પથ્થરમારાના બનાવોમાં ઘટાડો થયો છે. અહેવાલમાં ૨૦૧૦ અને ૨૦૧૬ વચ્ચેના ગાળામાં બનેલા બનાવોની સરખામણી કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

જીએસટીના અમલમાં ઉતાવળ થઈ છે : રાહુલ

બાંસવાડામાં કિસાન આક્રોશ રેલીને સંબોધન : ખેડૂતોનું દેવું માફ કરી દેવા, વિજળી બિલ અડધા કરવા તથા ખેડૂતોને યોગ્ય પેદાશ ભાવ આપવા રાહુલની અપીલ

બાંસવાડા, તા. ૧૯

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે બાંસવાડાના કિસાન આક્રોશ રેલીને સંબોધન કર્યું હતું. તલવાડા-બાંસવાડા વિમાની પટ્ટી પર પહોંચ્યા બાદ રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ સચિન પાયલોટ, રાજસ્થાન વિધાનસભામાં વિપક્ષના નેતા રામેશ્વર ડુડી અને અન્યો ઉપસ્થિત રહ્યા હતા અને રાહુલ ગાંધીનું સ્વાગત કર્યું હતું. રાહુલ ગાંધીએ આ રેલીમાં મોદી ઉપર પ્રહારો કર્યા હતા.

રાહુલે કહ્યું હતું કે, ખેડૂતોનું દેવું માફ કરવા માટે મોદીને અમે અપીલ કરી ચુક્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાતના બાવન નાગરિકો ગેરકાયદે કેનેડા-યુએસ પહોંચ્યા

જાન્યુઆરી ૨૦૧૬ બાદથી મોટો આંકડો સપાટીએ : બનાવટી પાસપોર્ટ અને બોગસ દસ્તાવેજોના આધાર પર વિદેશમાં લોકોને પહોંચાડવાના રેકેટનો પર્દાફાશ કરાયો

મુંબઈ, તા. ૧૯

મુંબઈ એરપોર્ટ ઉપર લોકોની હેરાફેરીના રેકેટના મામલામાં તપાસ કરનાર સહાર પોલીસ ધડાકો કર્યો છે કે, ગુજરાતમાંથી બાવન લોકો કેનેડા અને અમેરિકા પહોંચી ગયા છે. બનાવટી અને બોગસ પાસપોર્ટના આધાર પર જાન્યુઆરી ૨૦૧૬ બાદથી ગુજરાતના બાવન લોકો અમેરિકા અને કેનેડા પોહંચી ચુક્યા છે. તેમના પૈકી માત્ર એકની ધરપકડ કરી શકાય છે જેને કેનેડાથી સ્વદેશ નિકાલ કરવામાં આવ્યો છે જ્યારે અન્યો આ બંને દેશોમાં લાંબા સમયથી ગેરકાયદેરીતે રહેવામાં સફળ સાબિત થઈ રહ્યા છે. મે મહિનાના બીજા સપ્તાહમાં કેનેડાથી જે વ્યક્તિને પરત મોકલી દેવામાં આવી છે તેની ઓળક કોમલ ડામગર તરીકેથઈ છે. આ રેકેટના ભાગરુપે આ મહિલા પણ સામેલ હતી. એર ફ્રાંસની ફ્લાઈટ મારફતે તે કેનેડા પહોંચી હતી. પંજાબના ૫૬ વર્ષીય એક વ્યક્તિની સાથે તે કેનેડા પહોંચી હતી. પોતાની પુત્રીના પાસપોર્ટનો ઉપયોગ કરીને તે વ્યક્તિ કેનેડા આ મહિલાને લઈ ગયો હતો. ઈમિગ્રેશન અધિકારીઓએ કેનેડામાં તપાસ કરતા તે સકંજામાં આવી ગઈ હતી અને વ્યાપક પુછપરછ બાદ તેને સ્વદેશ પરત કરવામાં આવી હતી. આ ગાળામાં આ મહિલાએ કબૂલાત કરી હતી કે, તેઓ મનજીતસિંહની પુત્રી નથી. મનજીતસિંહે તેમની પુત્રીના પાસપોર્ટ સાથે ચેડા કર્યા હતા અને બોગસ ફોટા કોમલના પાસપોર્ટ ઉપર મુક્યા હતા. મોડેથી કેનેડા સત્તાવાળાઓએ આ મહિલાને પરત મોકલી દીધી હતી જ્યારે સિંહ હજુ પણ કસ્ટડીમાં છે. મુંબઈમાં પુછપરછ દરમિયાન મોડેથી કોમલ નામની આ મહિલાએ કહ્યું હતું કે, ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા રેકટ ચલાવવામાં આવે છે. પોલીસે હજુ સુધી ચાર ઈમિગ્રેશન અધિકારીઓ સહિત ૧૩ લોકોની ધરપકડ કરી છે. અન્ય વધુ એક ઈમિગ્રેશન અધિકારી હાલ ચકાસણી હેઠળ છે.

પાંચમાં ઈમિગ્રેશન અધિકારીને પકડી પાડતા પહેલા વધુ પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. વધુ લોકોની ધરપકડ કરવામાં આવે તેવી શક્યતા

● અનુસંધાન પાન-૭ પર

નાગાલેન્ડમાં રાજકીય કટોકટી

નાગાલેન્ડમાં બહુમત સિદ્ધ કરવા મુખ્યમંત્રી ન આવ્યા

કોહીમા ,તા. ૧૯

નાગાલેન્ડમાં રાજકીય સંકટનો દોર જારી રહ્યો છે. રાજ્યપાલ પીબી આચાર્યએ સત્તારુઢ નાગાલેન્ડ પીપલ્સ ફ્રન્ટના અસંતુષ્ટ ધારાસભ્યના નેતા પીઆર જેલિયાંગને આજે નવા મુખ્યમંત્રી તરીકે જાહેર કરી દીધા હતા. કારણ કે મુખ્યમંત્રી સુર હોજેલી અને તેમના સમર્થક બુધવારના દિવસે શક્તિ પરીક્ષણ માટે ગૃહમાં પહોંચ્યા ન હતા. ત્યારબાદ વિધાનસભાની કાર્યવાહી અચોક્કસ મુદ્દત માટે મોકૂફ કરી દીધી હતી.

રાજ્યપાલ પીબી આચાર્યએ ગઈકાલે વિધાનસભા અધ્યક્ષ ઈમતિવપાંગને આદેશ આપ્યો હતો કે, ખાસ સત્ર બોલાવીને મુખ્યમંત્રી પાસેથી બહુમતિ પુરવાર કરી લેવામાં આવે પરંતુ મુખ્યમંત્રી સુરહોજેલી પહોંચ્યા ન હતા. મુખ્યમંત્રી પોતાની પાર્ટી નાગાલેન્ડ પીપલ્સ ફ્રન્ટના ધારાસભ્યો તરફથી નારાજગીનો સામનો કરી રહ્યા છે.

શિવ મિલતે હૈ સાવન મેં.

રૂપિયા ગણતી વખતે ધ્યાન બીજે નથી જતું. તેમ ભક્તિ કરતા કલ્યાણમાં ધ્યાન રાખવું. ચિંતન વ્હાલા આશ્રમ દ્વારા ભવ્ય શિવ મહાપૂજા શ્રાવણના પ્રત્યેક સોમવારે રાત્રીના ચાર પ્રહરની હિમાલય જન્ય વનસ્પતિ-ઔષધિ યુક્ત ભારત-ભરના ગામો, શહેરો, વિસ્તારો, જ્ઞાતિમાં થતી રહી છે. શિવપૂજામાં કાલસર્પ, પિતૃદોષ, ગ્રહ-નક્ષત્રના અશુભયોગો, મેલી, આશુરી, શત્રુ શક્તિથી બચાવ, વેપાર રોજગારની ઉન્નતિ લક્ષ્મી પ્રાપ્તિ જેવી જટિલ સમસ્યાનું સમાધાનના વિધાનો લેવાય છે.અનેક સંપ્રદાયો કહે છે કે શિવને જાણવા ચાર પ્રહરની પૂજા કરવી જ રહી.૨૦૧૫માં ગાંધીનગર સેકટર-૩, રામેશ્વર મહાદેવ પાસે શિવ મહાપૂજાનું આયોજન કરેલુ જેમાં અસંખ્ય લોકોએ ભાગ લીધો હતો. આ પૂજામાં ઘણાં બેસવા માટે રહી ગયા હતા તેઓએ ભારપૂર્વક ફરીવાર શિવમહાપૂજા ગાંધીનગરમાં ગોઠવવાનું જણાવ્યું હતું આથી આ વર્ષે ગાંધીનગરમાં આયોજન થાય તે માટે અગાઉથી ગાંધીનગરના લોકોને શિવ મહાપૂજાનું આયોજન કરવા હૃદયપૂર્વક અપીલ કરીએ છીએ. સાબરકાંઠામાં એક મુસ્લિમ ભાઈ અને અમદાવાદમાં ખ્રિસ્તીએ પૂજાનું આયોજન કરાવીને શિવ મંદિરોના પુજારીઓ, શિવ પ્રેમીઓ, શ્રીમંતોથી પણ સાચા શિવપ્રેમી બની ગયા હતા. શિવલિંગની પૂજાથી અધિક પુણ્ય કે ભયનાશ કરનાર કોઈ નથી. એવું સમસ્ત દેવો કહે છે કે શિવલીંગમાં સર્વ દેવોની પ્રતિષ્ઠા છે. હાથીના પગલામાં બધાના પગલા સમાઈ જતા હોય છે. અશુભ યોગો, દોષોને સમસ્યાઓનું નિવારણ માત્ર શિવ મહાપૂજાથી થતું હોય છે, કહેવાતા શ્રીમંતો, શિવપ્રેમીઓ જો ભાગવતાની જેમ ઠેર-ઠેર ગાંધીનગરના સેકટરોમાં આવી શિવપૂજાનું આયોજન ગોઠવે તો સમાજની કે વિસ્તારની સમસ્યાઓ સારળતાથી દૂર કરી શકે. ગાંધીનગરમાં સેકટર ૧૬, ૭, શિવશક્તિનગર ઓમકારેશ્વર મંદિરના પ્રાંગણમાં અગાઉ શિવ મહાપૂજા થઈ ચુકી છે. ગાંધીનગરના શીલાબહેનને પુત્રની પ્રાપ્તિ થતી ન હતી તેઓ શિવ મહાપૂજામાં બેઠા પછી સંતાન પ્રાપ્તિના યોગો થયેલા. એક અધિકારી જેઓ સરકારી ખોટા કેસમાં ફસાયેલા તેઓ શિવ મહાપૂજામાં બેસવાથી નિર્દોષ છુટી ગયેલા. આવા તો અનેક લોકોના અનુભવો શિવમહાપૂજામાં બેઠેલાને સંતોષકારક પરિણામોના સમાચાર ચિંતન વ્હાલા આશ્રમને મળતા રહ્યા છે. આ વર્ષે પાંચ સોમવાર આવતા હોવાથી અને સાથે સાથે શ્રાવણ માસની શરૂઆત અને છેલ્લો દિવસ બંને સોમવારથી શરૂ થાય છે અને સોમવારથી પૂર્ણ થતો હોવાથી શ્રેષ્ઠ યોગ ઉભો કરે છે. અઢાર રૂદ્ર નક્ષત્રો સહિત ગુરૂ મંડળના આદેશથી શિવ યોગ સહિત શિવમહાપૂજાનું આયોજના ગોઠવેલ છે. ગાંધીનગરમાં આ આયોજન તમારી જ્ઞાતિ કે ગામમાં રખાવવા અથવા તો પોતાના વિસ્તારમાં, સેકટરમાં કે સમાજમાં આ ભવ્ય શિવમહાપૂજાનું આયોજન રખાવવા કે પૂજામાં ભાગ લેવા આશ્રમનો સંપર્ક કરો.

ભવ્ય શિવમહાપૂજા

ગાંધીનગરમાં રખાવવા સંપર્ક કરો

ચિંતન વ્હાલા આશ્રમ,

ફાયર સ્ટેશનની સામે, ગોમતીપુર અમદાવાદ.

ફોન: ૯૯૭૯૫૩૨૯૦૮, ૨૨૯૪૧૮૬૮

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

પોલીસ ઈન્સપેક્ટર PI
GPSC જનરલ બેચ
PI અને GPSC ની નવી બેચ તા.22-07-2017, શનિવાર થી શરૂ
ફ્રી ડેમો લેકચર ૧ અઠવાડીયું
મર્યાદીત વિદ્યાર્થીઓ
સ્ટડી મટીરીયલ
નિષ્ણાંત અધ્યાપકો
મોક ટેસ્ટ
હીર કેરીયર એકડમી
ડૉ. સિધ્ધાર્થ પટેલ
ઓફિસઃ 314,315,323, રત્ના હાઈસ્ટ્રીટ, નારણપુરા પોલીસ ચોકીની પાછળ, નારણપુરા, અમદાવાદ.
94291 34480 - 94275 53992

ગરવી ગુર્જરી
ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ. લી.
(ગુજરાત સરકારનું સાહસ)
ઓનલાઈન ખરીદી માટે: www.garvigurjari.in
ગરવી ગુર્જરીની અદ્‌ભુત ઓફર
UP TO 50% OFF
પટોળા સાડી । બાંધણી સાડી । ડ્રેસ મટીરીયલ । એમ્બ્રોયડરી ટોપ । ચાદર । બેગ । કુશન કવર । શાલ । જેકેટ । સ્ટોલ્સ । ઝવેરાત । દુપટ્ટા । ફાઈલ ફોલ્ડર । વરલી પ્રિન્ટીંગ અને વધુ..
estoregurjari garvigurjari6986 gurjarimail2014 Garvi Gurjari Garvi Gurjari
શોરૂમ
અમદાવાદઃ આશ્રમ રોડ । આંબાવાડી । એરપોર્ટ । અમદાવાદ હાટ । ગાંધીનગર / કુડાસણ । આણંદ । બરોડા । ભરૂચ । સુરેન્દ્રનગર । સુરત / રાજકોટ / ભાવનગર / ભુજ

તાત્કાલિક ફ્લેટ વેચવાનો છે
ડી/૧૦૪, લેન્ડમાર્ક ફાર્મની એપાર્ટમેન્ટ, ૨-બીએચકે, ફુલ ફર્નિચર, એ.સી. સાથે, શાન્તમ પાર્ટી પ્લોટની બાજુમાં, પ્રમુખનગર, ખ-રોડ, સરગાસણ ચોકડી, ગાંધીનગર
સંપર્કઃ
મો. ૮૪૦૧૦૩૭૭૭૮ મો.૯૭૩૭૪૯૧૩૦૪
૭૯૮૪૩૭૮૪૭૩ દિલીપસિંહ ચાવડા
પ્રણવસિંહ વાઘેલા

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-ચેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951 નૂતન ટ્રાવેલ્સ કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

I am a GITian
I Innovate, I Excel, I Succeed.
B.E. I M.E. I MBA
Excellent Placement
Proficient Faculty
Advanced Infrastructure
PROGRAMS OFFERED
Bachelor of Engineering (B.E.)
• Mechanical Engineering
• Computer Engineering
• Information Technology
• Civil Engineering
• Electrical Engineering
• Electronics & Communication Engineering
Post Graduation Courses (M.E. / MBA)
• Mechanical Engineering - Thermal Engineering - CAD / CAM
• Computer Engineering - Software Engineering
• Master of Business Administration (MBA) - Marketing, Finance, Human Resource, IS
GANDHINAGAR INSTITUTE OF TECHNOLOGY
(Approved by AICTE and Affiliated to GTU)
Khatraj-Kalol Road, Moti Bhoyan, Ta. Kalol, Dist. Gandhinagar - 382721.
9904405900, 9904405901
director@git.org.in
www.git.org.in

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય